# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-04-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Sunday** **National News**

### આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

**************************************************

- ભારતીય જનતા પક્ષે લોકસભાની ચુંટણી માટે આજે પોતાનું ઘોષણાપત્ર બહાર પાડયું છે – અન્ય વિરોધ પક્ષોએ પોતાના પ્રતિભાવો આપ્યા.
- રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ આજે ડૉ. બી. આર. આંબેડકરની 134મી જન્મજયંતિ પર સંસદ ભવનમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી.
- DRDO અને ભારતીય સેનાએ સ્વદેશી મેન પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ વેપન સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું.
- ભારતે આજે નેપાળને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં કામ કરવા માટે ૩૫ એમ્બ્યુલન્સ અને ૬૬ સ્કુલ બસ ભેટ આપી.
- વિદેશ મંત્રાલયે આજે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW BJP

ભારતીય જનતા પક્ષે લોકસભાની ચુંટણી માટે આજે પોતાનું ઘોષણાપત્ર બહાર પાડયું છે. તેને સંકલ્પપત્ર નામ આપવામાં આવ્યું છે. નવી દિલ્હી સ્થિત ભાજપના મુખ્ય કાર્યાલયમાં આ સંકલ્પપત્ર જારી કરવામાં આવ્યું. તેમાં એક રાષ્ટ્ર એક ચુંટણી, સમાન નાગરીક સહિત અને એક મતદાર યાદિનો વાયદો કરવામાં આવ્યો છે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પક્ષના અધ્યક્ષ જગતપ્રકાશ નડ્ડા, રાજનાથસિંહ, અમિત શાહ અને નિર્મલા સિતારમનની હાજરીમાં આ સંકલ્પ પત્ર બહાર પાડવામાં આવ્યું. આ સંકલ્પપત્રમાં ભાજપે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ મફતમાં રેશનની સગવડ આવતા પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાનું વચન આપ્યું છે. તે ઉપરાંત આયુષ્યમાન ભારત યોજનામાં દેશના બધા વરિષ્ઠ નાગરિકોને સામેલ કરવાનો વાયદો કર્યો છે.

સંકલ્પપત્રમાં ત્રણ કરોડ લખપતિ દીદી બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે. પી.એમ. સુર્ય ઘર યોજના હેઠળ વીજળીનું બિલ શૂન્ય કરવાનો પણ વાયદો કરવામાં આવ્યો છે. ભાજપે દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાની સાથે સાથે વૈશ્વિક વિનિર્માણ કેન્દ્ર બનાવવાનો પણ વાયદો કર્યો છે.

ઘોષણાપત્રમાં ભારતનું પહેલુ માનવ અંતરીક્ષ ઉડ્ડયન મિશન – ગગનયાન લોન્ચ કરવા તેમજ ચંદ્રમાં પર એક અંતરીક્ષ યાત્રીને ઉતારવાનું પણ આયોજન પોતાની સરકાર ધ્વારા કરવામાં આવશે એમ જણાવ્યું છે. ભાજપે ભારતીય અંતરીક્ષ સ્ટેશન – બીએએસ સ્થાપવાનો તેમજ દેશ માટે બીજુ પ્રક્ષેપણ પરિસર બનાવવાનો પણ વાયદો કર્યો છે.

આ ઘોષણાપત્રમાં મૌસમ નામે રાષ્ટ્રીય વાતાવરણીય મિશન શરૂ કરવાનો પણ વાયદો કરવામાં આવ્યો છે. ઇશાન પ્રાંતમાં શાંતી જાળવવા માટે અશાંત

વિસ્તારોમાં મુદ્દાઓના ઉકેલ અને તબકકાવાર ધોરણે સશસ્ત્ર દળ વિશેષાધિકાર અધિનિયમ –AFSPA હઠાવી લેવાનો પ્રયાસ જારી રાખશે એવુ વચન આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું કે, સંકલ્પપત્ર વિકસિત રાષ્ટ્રના ચાર મજબુત સ્તંભ ગણાતા યુવાનો, મહિલાઓ, ખેડુતો અને ગરીબોને સશકત બનાવશે.

નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ સંકલ્પપત્ર જીવનની ગરિમા અને જીવનની ગુણવત્તા પર કેન્દ્રિત છે. તેમણે ઉમેર્યુ કે ભાજપે ૭૦ વર્ષથી વધારે વયના વરિષ્ઠ નાગરીકોને તેમજ ટ્રાન્સજેન્ડર સમુદાયને આયુષ્યમાન ભારત યોજના હેઠળ આવરી લેવાનું નકકી કર્યુ છે.

નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ભાજપ નવા સેટેલાઇટ શહેરો બનાવશે. તેમણે કહ્યું કે, ભાજપ દેશહિતમાં મોટા અને કડક નિર્ણયો લેતા પાછી પાની કરતો નથી.

# PRIYANKA RELLY

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લોકો અને તેમના પ્રશ્નોથી સંપુર્ણ પણે દુર થઇ ચુકયા છે.

તેમણે કહ્યું કે તેમની પાસે એટલી તાકાત છે કે તેમની આજુબાજુના લોકો એમને સાચુ કહેતા ડરે છે. પ્રિયંકા ગાંધી વાડ્રા રાજસ્થાનના ઝાલૌરમાં જાહેરસભાને સંબોધન કરી રહયા હતા.

તેમણે કહ્યું કે લોકોની સૌથી મોટી સમસ્યા મોંઘવારી છે પરંતુ તેમને સાંભળનારૂ કોઇ નથી.

# REACTIONS

ભારતીય જનતા પક્ષે આજે બહાર પાડેલા પોતાના ઘોષણાપત્ર વિષે પ્રતિભાવ આપતા કોંગ્રેસે તેને જુઠાણા ભર્યો ગણાવ્યો છે. કોંગ્રેસના નેતા સુપ્રિયા

શ્રીનેતે આજે નવી દિલ્હીમાં પત્રકારોને કહયું કે ભાજપના ઘોષણાપત્રમાં રોજગાર આપવાને મુદે કાઈ કહેવામાં નથી આવ્યું. તેમણે કહયું કે લઘુતમ ટેકારૂપ ભાવની કાયદેસર બાંહેધરી આપવી અને મોંઘવારી ઘટાડવા જેવા મુદ્દાઓ વિષે પણ ભાજપના ઘોષણાપત્રમાં મૌન સેવવામાં આવ્યું છે.

આમ આદમી પાર્ટીએ ભાજપના ઘોષણાપત્રને ઠાલા વચનો ગણાવ્યા છે. આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના મંત્રી અતિશીએ આરોપ મુકયો કે દસ વર્ષ સુધી રહેવા છતાં ભાજપ પોતાના વાયદા પુરા કરી નથી શકયો. તેમણે કહયું કે આયુષ્યમાન ભારત પર આખા દેશનો થનારો ખર્ચ દિલ્હીના આરોગ્ય બજેટ કરતા પણ ઓછો છે.

રાષ્ટ્રીય જનતા દળના નેતા અને બિહારના ભુતપુર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે ભાજપના ઘોષણા પત્રની ટીકા કરતા કહયું કે તેમાં યુવાનો, ખેડુતો અને રોજગારનો કોઇ ઉલ્લેખ નથી અને બિ!ાર જેવા રાજયો માટે કાઇં જ નથી.

તેલંગણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ ભાજપના ઘોષણાપત્રને નિષ્ફળ બેંકના પોસ્ટ ડેટેડ ચેક જેવુ ગણાવ્યું છે. તેમણે કહયું કે જનતા ભાજપને જાકારો આપશે અને રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ લોકોનું દુઃખ દુર કરશે. તેમણે કહયું કે ભારતનો વિકસીત ભારતનો દ્રષ્ટીકોણ તેમના ૨૦૦૪ ના શાઇનીંગ ઇન્ડિયાની નકલ છે.

# BIHAR CAMPAIGNING

બિહારમાં લોકસભાની પહેલા તબકકાની ચુંટણી માટેનો પ્રચાર પુરજોશમાં ચાલુ છે. જમુઇ, નવાદા, ઔરંગાબાદ અને ગયા સંસદીય મતવિસ્તારોમાં ૧૯મી એપ્રિલે મતદાન થવાનું છે.

એનડીએ તેમજ વિરોધપક્ષોના અગ્રગણ્ય નેતાઓ પોતાના ઉમેદવારોને જીતાડવા જોરશોરથી પ્રચારકાર્યમાં વ્યસ્ત છે.

ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે જમુઇ અને બાંકામાં પોતાના પક્ષના ઉમેદવારો લોકજનશકિત પક્ષ રામવિલાસ તેમજ જનતા દળ સંયુકતના ઉમેદવારોને ટેકો આપવા જાહેરસભાને સંબોધન કર્યું.

આરજેડી ના નેતા તેજસ્વી યાદવે ગયા નવાદા, જમુઇ અને બાંકા લકોસભા મતવિસ્તારો ઇમામગંજ અને વઝીરગંજ, કૌવાકોબ, ઝાઝા અને કુલ્લીડુમરમાં પોતાના સાથીપક્ષોના ઉમેદવારોના સમર્થનમાં ચુંટણી રેલીઓ કરી.

અન્ય પક્ષોના નેતાઓએ પણ ચુંટણી પ્રચાર કર્યો તેમજ લોકોને ઘેર ઘેર જઇને પોતાના ઉમેદવારો માટે પ્રચાર કર્યો.

# PM--STABLE-GOVT

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વમાં વધતી જતી અસ્થિરતા અને તંગદીલી વચ્ચે દેશમાં એક મજબુત અને સ્થિર સરકારની જરૂર પર ભાર મુકયો છે.

ભારતીય જનતા પક્ષનું સંકલ્પપત્ર બહાર પાડતાં પ્રધાનમંત્રીએ કહયું કે, જુદા જુદા દેશોમાં ઉભા થયેલા સંકટ સમયે ભારતીયોની સુરક્ષાને તેમની સરકારે ટોચનું પ્રાધાન્ય આપ્યું છે. તેમણે કહયું કે તે સમયે બહુમતીથી ચુંટાયેલી સ્થિર અને મજબુત સરકારની જરૂર અનેક ગણી વધી જાય છે.

ગઇકાલે ઇરાને ઇઝરાયેલ પર હુમલો કર્યો છે તેવા સમયે પ્રધાનમંત્રીનું નિવેદન મહત્વનું લેખવામાં આવે છે.

# J & K VOTERS

જમ્મુ કાશ્મીરના ડોડા જીલ્લામાં એકસોથી વધારે વયના ૩૫ થી વધારે મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

આવા કુલ ૩૭ મતદારોમાંથી સૌથી વધારે વૃધ્ધ મતદારની ઉંમર ૧૦૮ વર્ષની છે. જીલ્લા ચુંટણી અધિકારીએ આવા મતદારો માટે વિશેષ વ્યવસ્થા કરી છે એ મતદારોને મત આપવા માટે પાલખીની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ વર્ષે લોકસભાની ચુંટણીમાં પણ ઘણા અપક્ષ ઉમેદવારો ઉભા રહ્યાં છે.

# NEPAL

ભારતે આજે નેપાળને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં કામ કરવા માટે ૩૫ એમ્બ્યુલન્સ અને ૬૬ સ્કુલ બસ ભેટ આપી છે. આ વાહનો નેપાળમાં ભારતીય રાજદુત નવીન શ્રીવાસ્તવે નેપાળના નાણામંત્રી વર્ષા માન પુનની હાજરીમાં લાભાર્થીઓને સોંપ્યા.

નવીન શ્રીવાસ્તવે કહયું કે, આ ભારત અને નેપાળ વીકાસ ભાગીદારીને સુદ્રઢ બનાવવાની એક પહેલના ભાગરૂપ છે. ૧૯૯૯ થી માંડીને અત્યાર સુધીમાં ભારત નેપાળને ૧૦૦૯ એમ્બ્યુલન્સ અને ૩૦૦ સ્કુલ બસ ભેટ સ્વરૂપે આપી ચુકયું છે.

# DRI

મહેસુલ ગુપ્તચર નિદેશાલયે – ડીઆરઆઇ એ આજે નાસિકમાંથી હત્થા જોડી નામે જાણીતી ૭૮૧ બંગાળ મોનિટર ગિરોળી અને ૧૯ કિલોથી વધારે નરમ પરવાળા જપ્ત કર્યા છે. એ બંને જીવ સંરક્ષણ અધિનિયમ હેઠળ સંરક્ષિત છે. આ ટોળકીને આગળની કાર્યવાહી માટે મહારાષ્ટ્ર વન અધિકારીઓને સોંપવામાં આવ્યા છે.

# RAJSTHAN ACCIDENT

રાજસ્થાનના સીકર જીલ્લામાં કાર અને ટ્રક અથડાતા બે બાળકો અને ત્રણ મહિલાઓ સહિત સાત જણા માર્યા ગયા છે.

કારના બધા જ પ્રવાસીઓ ઉત્તરપ્રદેશના મેરઠના રહેવાસી હતા. આગ લાગવાને કારણે કાર પ્રવાસીઓ દરવાજો ખોલી ના શકતા જીવતા જબળી મર્યા. પોલીસ તેમની ઓળખ માટે શકય તમામ પ્રયાસ કરી રહી છે.

# AMBEDKAR JAYNTI – PM, PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડૉ. બી. આર. આંબેડકરની 134મી જન્મજયંતિ પર સંસદ ભવનમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તેઓએ આ પ્રસંગે રાષ્ટ્રને શુભેચ્છા પાઠવી હતી. એક સંદેશમાં રાષ્ટ્રપતિ શ્રીએ જણાવ્યું હતું કે, સામાજિક પરિવર્તનના પ્રણેતા અને બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા બાબાસાહેબ આંબેડકરે કાયદાવિદ્, શિક્ષણવિદ્, અર્થશાસ્ત્રી, સમાજ સુધારક અને રાજકીય નેતા તરીકે દેશ અને સમાજમાં અસાધારણ યોગદાન આપ્યું છે.

ઉપરાષ્ટ્રપતિશ્રીએ લોકોને ડૉ. આંબેડકરે નિર્ધારિત કરેલા આદર્શોને અપનાવવા અને ન્યાયપૂર્ણ અનેસમાન સમાજના તેમના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે અપીલ કરી હતી. આ દરમિયાન પ્રધાનમંત્રી શ્રીએ જણાવ્યું હતું કે, ડૉ. આંબેડકરનાં વિઝનમાં પ્રગતિ થવાની સાથે ભારતની નવી છબી તૈયાર થઇ રહી છે. જે સંપૂર્ણપણે ભિન્ન છે. તેમણે નોંધ્યું હતું કે, ડૉ. આંબેડકરનું વિઝન એક પ્રેરણાસ્ત્રોત તરીકે કામ કરી રહ્યું છે. આજે મેક ઇન ઇન્ડિયા, સ્માર્ટ સિટી મિશન, મુદ્રા યોજના, સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને સ્ટેન્ડ અપ ઇન્ડિયા સહિતની પહેલોએ ડૉ. આંબેડકરનાં સર્વસમાવેશક વિકાસનાં વિઝનને

આગળ વધાર્યું છે તથા દેશમાં યુવાન નવપ્રવર્તકો અને ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપ્યું છે.

# MINISTRY OF EXTERNAL AFFAIRS

વિદેશ મંત્રાલયે આજે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

મંત્રાલયે કહ્યું કે, દેશ ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધી રહેલી દુશ્મનાવટને લઈને ગંભીરતાથી ચિંતિત છે, જે આ ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષાને જોખમમાં મૂકે છે.

મંત્રાલયે એ પણ પ્રકાશિત કર્યું કે, તે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને આ પ્રદેશમાં દૂતાવાસો ભારતીય સમુદાયના સંપર્કમાં છે. તાત્કાલિક ડી-એસ્કેલેશનની હાકલ કરતા, મંત્રાલયે પ્રદેશમાં સુરક્ષા અને સ્થિરતા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેણે બંને રાષ્ટ્રોને હિંસાથી પાછળ હટવા અને કૂટનીતિના માર્ગ પર પાછા ફરવા વિનંતી કરી છે.

# AMIT SHAH

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જો કેન્દ્રમાં ત્રીજી વાર ભાજપ સરકાર બનશે તો છત્તીસગઢને નકસલવાદની સમસ્યાથી સંપુર્ણ પણે મુકત કરાવમાં આવશે.

તેમણે સ્પષ્ટપણે ભારપુર્વક કહયું કે ગમે તે સંજોગોમાં ભારતીય જનતા પક્ષ કદી પણ અનામત પ્રથા નાબુદ કરશે નહી અને કોઇને કરવા પણ નહી દે.

મહારાષ્ટ્રમાં ભંડારા જીલ્લામાં સકોલીમાં ગ્રાન્ડ એલાયન્સના ઉમેદવાર માટે ચુંટણી સભાને સંબોધતા અમિત શાહે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની જયંતી નિમિત્તે તેમને અંજલી આપતા તેમણે કહયું કે તેમના પક્ષે સાંસ્કૃતિક મુલ્યોને ફરી પ્રસ્થાપિત કરવા ત્રાસવાદને ડામવા અને નકસલવાદને નાબુદ કરવા કામ કર્યુ છે અને કરતો રહેશે.

# DRDO-ANTI TANK MISSILE

સંરક્ષણ શોધ અને વિકાસ સંસ્થા-DRDO અને ભારતીય સેનાએ સ્વદેશી મેન પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ વેપન સિસ્ટમનું સફળ પરીક્ષણ કર્યું. ગઈકાલે રાજસ્થાનમાં પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે વોરહેડ ફ્લાઇટનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ દિવસ-રાત માટે ટોચની આક્રમણ ક્ષમતાથી સજ્જ છે અને આધુનિક બખ્તર-સંરક્ષિત મુખ્ય યુદ્ધ ટેન્કને હરાવવા સક્ષમ છે. ડ્યુઅલ-મોડ સીકર કાર્યક્ષમતા એ ટેન્કયુદ્ધ માટે મિસાઇલ ક્ષમતામાં એક મૂલ્યવાન ઉમેરો છે. સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, આ સિસ્ટમ હવે ભારતીય સેનામાં તેના સમાવેશ માટે અંતિમ વપરાશકર્તા મૂલ્યાંકન પરીક્ષણ માટે તૈયાર છે.

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે સિસ્ટમના સફળ પરીક્ષણ માટે DRDO અને ભારતીય સેનાની પ્રશંસા કરી હતી અને અદ્યતન ટેકનોલોજી-આધારિત સંરક્ષણ

પ્રણાલીના વિકાસમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.

# Israel – Iran GCC

અખાત સહકાર પરિષદ – જીસીસીના મહામંત્રી જાસેમ મોહંમદ અલ બદાઇવીએ એક નિવેદનમાં સાથે મળીને પરસ્પર સહકાર ધ્વારા રાજદ્વારી ઉપાયો થકી પ્રાદેશિક સલામતી જાળવી રાખવાના મહત્વ પર ભાર મુકયો છે.

તેમણે પ્રાદેશિક સ્થિરતા અને નાગરિકોના જાનને જોખમમાં મુકી શકે તેવી અશાંતી ના વધે તે માટે સંયમ જાળવવાનો બધા જ સંબંધિત પક્ષોને અનુરોધ કર્યો છે. તેમણે આ મુદ્દે આંતરરાષ્ટ્રીય સમુદાયોની ભુમિકાને પણ મહત્વની ગણાવીને પરિસ્થિતિને નિયંત્રણમાં લેવામાં મદદ કરવાની અપીલ કરી છે.